ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
પં. દીનદયાલ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૦૭૯-૨૫૫૦૪૫૨૫/૨૬/૩૩ ફેક્સ : ૦૭૯-૨૫૫૦૪૫૩૪
e-mail : bjp.gujarat@gmail.com Website : www.bjpguj.org

પ્રેસનોટ તા.૨૮/૦૧/૨૦૧૨.

## *કોંગ્રેસ જાહેરાત દ્વારા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમની સરકારની પ્રસંશા કરે છતાં ગુજરાતના લોકો કોંગ્રેસને ક્યારેય માફ નહી કરે*

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવકતા શ્રી આઇ. કે. જાડેજાએ જણાવેલ છે કે, કોંગ્રેસે જાહેરાત દ્વારા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ તેમની સરકારના વિકાસના કાર્યોની પ્રસંશા વ્યક્ત કરેલ છે. ગુજરાતના આગવા વિકાસથી અને વિકાસની રાજનીતિથી સમગ્ર દેશને દિશા આપવા સાથે ગુજરાતના વિકાસને અગ્રેસર પહોંચાડવામાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું કાર્ય શ્રેષ્ઠતમ રહેલું છે. છેલ્લા દસ વર્ષના શાસનમાં આઠ વખત અને આ વખતે પણ રાષ્ટ્રીય સર્વે દ્વારા શ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે સમગ્ર દેશમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીને સ્વીકૃતિ મળેલ છે.

છેલ્લા એક દસકામાં ગુજરાત માટે અહિતકારી કાર્યો કરવાની સાથે ગુજરાતની કોંગ્રેસના આગેવાનોએ અનેક જુઠ્ઠાણાઓ ફેલાવેલ છે. જયારે બીજી બાજુ યુનાઇટેડ નેશન્સ દ્વારા, રાજીવ ગાંધી ફાઉન્ડેશન દ્વારા, કેન્દ્ર સરકારના અનેક વિભાગો દ્વારા કે વિવિધ સંસ્થાઓ દ્વારા ગુજરાતના અનેક કાર્યો માટે જેમ કે સ્વાગત ઓનલાઇન, પીવાના પાણીની વ્યવસ્થા - વાસ્મો, બી.આર.ટી.એસ., કૃષિ વિકાસ વગેરે માળખાકીય અને સામાજિક વિકાસના કાર્યોમાં ગુજરાતની સરકાર દ્વારા હાથ ધરાયેલ શ્રેષ્ઠતાની સરાહના થયેલ છે.

કોંગ્રેસના આગેવાનોએ જુઠ્ઠાણાઓ ફેલાવી ગુજરાતના વિકાસને નકારવા આકાશ-પાતાળ એક કર્યા અને તેના કારણે ગુજરાત કોંગ્રેસની વિશ્વસનીયતા ખાડે ગયેલ છે. કોંગ્રેસ પોતાના જુઠ્ઠાણાઓ કયારેય પ્રજાને ગળે ઉતરાવી શકેલ નથી. છેલ્લા એક દસકામાં ગુજરાતના મતદારોએ કોંગ્રેસને જાકારો આપેલ છે અને કોંગ્રેસ બધી જ ચૂંટણીઓ હારેલ છે. તેનાથી પણ વિશેષ વાત એ છે કે બધી જ ચૂંટણીઓ હાર્યા પછી કોંગ્રેસના કહેવાતા નેતાઓને દરેક ચૂંટણીઓ પછી પદ છોડવા પડ્યા છે. ગુજરાતના વિકાસને સાંખી ન શકનારા હાલના એક પણ કોંગ્રેસના નેતા આમાંથી બાકાત નથી.

ભૂતકાળમાં ચૂંટણીઓમાં પણ કોંગ્રેસ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદીના ચહેરાઓના ઉપયોગ દ્વારા પોતાના પક્ષે લાગણીઓ જીતવા પ્રયાસો કર્યા, આમ છતાં ગુજરાતના મતદારો તેમને ઓળખી ગયા છે. હાલમાં કોંગ્રેસના જાહેરાત દ્વારા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને શ્રેષ્ઠ સ્વીકારવાની સાથે રાજય સરકાર દ્વારા હાથ ધરાયેલા વિવિધ વિકાસના કાર્યો અંગે કોંગ્રેસે પ્રસંશા વ્યક્ત કરેલ છે. જેના ઉપરથી લાગી રહ્યુ છે કે શ્રી નરેન્દ્રભાઈ મોદીના વખાણ કરીને કોંગ્રેસ ગુજરાતના પ્રજાજનોના ગુસ્સાથી બચવાનો પેંતરો કરી રહેલ છે. જે કોંગ્રેસે ગુજરાત વિરોધી માનસિકતા અપનાવીને ગુજરાતને નુકસાન કરવાનું કયારેય છોડયું નથી તે કોંગ્રેસ આ પ્રકારે શ્રી નરેન્દ્રભાઈ મોદીના માત્ર વખાણ કરીને ગુજરાતની પ્રજાના ગુસ્સાથી કયારેય બચી શકશે નહીં. છેલ્લા એક દસકામાં નકારાત્મક માનસિકતાના કારણે ગુજરાતને નુકસાન કરનારી કોંગ્રેસને ગુજરાતના લોકો કયારેય માફ નહી કરે.

ભાજપ સરકાર અને મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી માટે કોંગ્રેસ દ્વારા અપાયેલી જાહેરાત તેમના પશ્ચાતાપ માટે જરૂર હોઇ શકે પરંતુ ભાજપ એટલુ જ અનુભવે છે કે "દેર સે આયે, દુરસ્ત આયે"

(ડૉ. જગદીશ ભાવસાર)
કન્વીનર - મીડીયા સેલ